

ખોજા શીઆ ઇસના અશરી જમાતના કાયદા બુક.

મુંબઈ

૧૩૧૯ હીજરી. શા૦ ૧૯૫૭. શને ૧૯૦૧.

ધી ઇસ્ટર્ન પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે.

ખોજા શીઆ ઈસ્ના અશરી જમાતના કાયદા.

૧. ખોજા શીઆ ઈસ્ના અશરી (બાર ઈમામી) જમાતમાં દાખલ થવાનો હક માત્ર ખોજાઓનોજ છે.

૨. મજકુર જમાતમાં હાલ જેટલા કુટુંબો છે તેમના નામોની ટીપ જમાતના દફતરમાં થએલી છે અને હવે પછી જે કુટુંબને આએ જમાતમાં દાખલ થવું હોય તો તે કુટુંબના વડીલે મજકુર જમાતના સેક્રેટરી અથવા ચાલુ મેનેજરોને લખી જણાવવું. અને જમાતની શાઈ લેવાની કાયદા કાનુન સાથેની ચોપડી મધે તે પ્રમાણે અમલ કરવાને કબુલ કરીને સઇ કરેથી અથવા મજકુર જમાતના કાયદા કાનુન મુજબ ચાલવાને કબુલાત આપેથી જમાતમાં દાખલ થયલો ગણાશે અને ચાલુ મેનેજરોના ધ્યાનમાં આવે તેઓના નામો વરતમાનપત્રમાં છપાવી જાહેર કરે.

૩. મજકુર જમાતના સેક્રેટરી અથવા ચાલુ મેનેજરો પાશે નવા મેમ્બર દાખલ થવા માટેની આવેલી માંગણી તેઓને કબુલ કરવાને વાજબી નહીં લાગશે તો તે બાબત જમાતે નેમેલી મેનેજીંગ કમીટીની મીટીંગ બોલાવી તેની આગલ રજુ કરવી અને તે કમીટી જે ઠેરાવ કરે તેની ઉપર ચાલુ મેનેજરો અમલ કરે.

૪. મજકુર જમાતના સેક્રેટરી તથા મેનેજીંગ કમીટીને નવા મેમ્બર દાખલ કરવાની સતા આપવામાં આવે છે. પણ કોઇ પણ મેમ્બરને નાત બાહર મુકવાની તેઓને અખતીઆરી નથી.

૫. મજકુર જમાતના કોઇ પણ શખશે અથવા કોઈ પણ કુટુંબે જમાતને લગતો કોઇ ગુનાહ કરેલો સમજાશે તો તે શખશને તપાસ માટે જમાત બોલાવશે અને તેને તકશીરવાર ઠેરાવયા અગાઉ તે શખશને પોતાનો બચાવ કરવાની પુરતી તક આપશે અને જમાત દરેક બાબતો ઉપર પુરતો વીચાર કરી તેને તકશીરવાર ઠેરાવશે, તો તેને જમાત નાત બાહાર મુકી શકશે.

૬. જો કોઇ ગુનેહગાર પોતાનાં ગુનાહ માટે જમાત પાશેથી માફી માગશે તો જમાત બહેતર ધારશે તો તેની માફી કબુલ કરશે. પણ તેની માફી કબુલ ન કરતાં નાત બહાર મુકવાની પોતાને ફરજ પડે છે, એમ સમજશે તો તેને નાત બાહાર મુકવાના સખત પગલાં ભરશે, અને તેની મીનીટ બુકમાં નોંધ કરશે.

૭. મજકુર જમાતે નાત બહાર મુકેલા અથવા જમાત માંથી છુટા થયલા શખશોનું કોઇ પણ રીતનું અપમાન કરવામાં આવશે નહી, અથવા તેઓ માટે જમાત ઘરેઘર "સાદ" ફેરાવશે નહી. જમાત માત્ર પોતાની મીનીટ બુકમાં તેની નોંધ લેશે અને જમાતના મેમ્બરોના લીસ્ટમાંથી તેઓનુ નામ કાહાડી નાખશે જેથી જમાતના સરવે મેમ્બરો તે શખશને ત્યાં શાદી ગમીમાં શામેલ થઇ શકશે નહી. અને જમાતની સરવે મીલકત ઉપરથી તથા જમાત નાં બીજાં સરવે હકોમાંથી તેવા શખસો બાતલ થએલાં ગણાશે.

૮. આપણી જમાતની ચાર રજીસ્ટર બુક નીચે પરમાંણેની રાખવી.

૧. જમાતના મેમબરોના નામો ઠેકાણાં ધંધા વીગેરે વીગત સાથેની નોંધની રજીસ્ટર બુક રાખવી.

૨. આપણી જમાતમાં થતા જનમની નોંધની રેજીસ્ટર બુક રાખવી અને મેમ્બરે પોતાના ઘરે જે ફરજંદનો જનમ થાય તેના નામ તથા તારીખ સાથેની તેમાં નોંધ કરાવવી અને જે શખશ તરફથી ખુસીઆલીમાં જમાતના ફંડમાં જે આપવામાં આવસે તે ખુશીથી લેવામાં આવસે. પણ તે માટે જમાતે કોઈ પણ જાતનો કર રાખેલો નથી.

૩. રજીસ્ટર બુક જેમાં આપણી જમાતમાં થતા સગપણ, વીવાહ, ઘરઘરણાંની વીગત સાથેની નોંધ માટે રાખવી.

૪. રજીસ્ટર બુક જેમાં આપણી જમાતમાં થતા મરણોની વીગત શાથેની નોંધ માટે રાખવી.

૯. જમાતના કામ માટે અથવા દર વરસે જમાતનો હીશાબ લેવા અથવા મેનેજીંગ કમીટી તથા કન્સલ્ટીંગ કમીટી નેમવા અથવા જમાત સંબંધી કોઇનો ઈનશાફ કરાવવા વીગેરે કોઈબી બાબતસર જમાતની મીટીંગ બોલાવવી હશે તો પ્રમુખ અથવા ઉપ પ્રમુખ અથવા તેમની ગેર હાજરીમાં સેક્રેટરી અથવા ચાલુ મેનજરોએ ઓછામાં ઓછા ૨૪) કલાક આગમજ ઠેરવેલો વખત તથા ભેગા થવાના ઠેકાણા લીખે જમાતના દરેક મેમ્બરને સાદથી અથવા

ચીઠીથી અથવા સરકીયુલરથી અથવા જાહેર ખબરથી જાણ કરવી અને એવી રીતે મળેલી સભાને કાયદાસરની મીટીંગ ગણવામાં આવશે અને તે મીટીંગ મધે દરેક મેમ્બરને તે બાબતપર બોલવાનો તથા મત આપવાનો હક છે.

૧૦. જમાતની મીટીંગ મધે મેનેજીંગ કમીટીના મેમ્બરો તથા સેક્રેટરી મલીને ઓછામાં ઓછા ૫૧) મેમ્બરો હાજર હોય તોજ જમાતનું કોરમ થએલું ગણાશે અને તેમાં એકવીસ વરસની અંદરના છોકરાઓ ગણત્રીમાં લેવા નહી.

૧૧. જમાતનો વહીવટ ચલાવવા માટે ઑનરરી એક પ્રમુખ, એક ઊપપ્રમુખ, બે સેક્રેટરી, એક ખજાનચી અને અઠાવીશ મેમ્બરોની મેનેજીંગ કમીટી તથા એક કન્સલ્ટીંગ કમીટી તથા બે આડીટરો દરેક વરશ માટે મુકરર કરવા.

૧૨. જમાતની મીટીંગ મધે ચાલેલા કામનો એક મતે અથવા વધુ મતનો ઠરાવ પાસ થએલો ગણવો, અગર બેઉ બાજુએ સરખા મત થાએ તો પ્રમુખ અથવા સરનશીનના બે મત ગણવા અને વધુ મતનો ઠેરાવ પાસ થએલો જાહેર કરવો.

૧૩. જમાતની મીટીંગ મધે મેનેજીંગ કમીટીના મેમ્બરો તથા સેક્રેટરીને મત આપવાનો હક છે, અને તેમના મતો પણ ગણત્રીમાં લેવામાં આવશે.

૧૪. કોઇ પણ મેમ્બરને જો જમાતની મીટીંગ બોલાવવી હશે તો તેણે મેનજીંગ કમીટીને વીગત સાથે લખી જણાવવું અને મેનજીંગ કમીટીને જો તેના માટે જમાતની મીટીંગ બોલાવવાની જરૂર જણાશે તો બોલાવશે અગર મેનજીંગ કમીટી જમાતની મીટીંગ નહીં બોલાવે તો જમાતના મેમ્બરોમાંથી સતર જણની સઇ સાથેની જમાતની મીટીંગ બોલાવવા માટેની અરજી પ્રમુખ અથવા ઉપપ્રમુખને કરવામાં આવશે તો તે માટે ૪૮) કલાકની અંદર જમાતના સેક્રેટરીને જમાતની જનરલ મીટીંગ બોલાવવી પડશે.

૧૫. જમાતની અને મેનજીંગ કમીટીની તથા ચાલુ મેનજરોની મીટીંગ મધે હાજર રહેલા મેમ્બરોના નામો તથા ચાલેલા કામ તથા તે ઉપર થયલા ઠેરાવની નોંધ મીનીટ બુકમાં કરવી અને વલતી તેવી મીટીંગ મધે તે વાંચી બાહલ રાખવી અને તેની ઉપર પ્રમુખે પોતાની સઇ કરવી.

૧૬. (ક) જમાતની મીટીંગમાં જો ઠેરાવેલો પ્રમુખ હાજર ન હોય તો ઊપપ્રમુખને પ્રમુખસ્થાન આપવું અગર તેવણ પણ ગેર હાજર હોય તો તે મીટીંગ માટે એક જણની દરખાસ્તથી તથા બીજાના ટેકાથી એક સરનસીન મુકરર કરવો અને સેક્રેટરીએ પોતાનું કામ બજાવવું.

(ખ) મેનજીંગ કમીટી તથા ચાલુ મેનજરોની મીટીંગ માટે એક જણની દરખાસ્તથી તથા બીજાના ટેકાથી એક

સરનસીન મુકરર કરવો અને સેક્રેટરીએ પોતાનું કામ બજાવવું.

૧૭. જમાતે પસાર કરેલા ઠરાવો જમાતના સરવે મેમ્બરોએ કબુલ રાખવા જોઇસે તથા તેની ઉપર અમલ કરવો પડશે.

૧૮. જમાતે ઠેરવેલી, ૨૮) જણની કમીટીને મેનેજીંગ કમીટી તરીકે ઓળખવામાં આવશે અને તેઓ પોતામાંથી દર જણ સાત સાતની ૪) જોડીઓ કરસે અને તે દરેક જોડી જણ સાતની દર ત્રણ ત્રણ માસ સુધી જમાતને લગતું કામકાજ કરશે તેમ જમાતને લગતા ચોપડા વગેરે પણ તેઓની દેખરેખ હેઠળ રહેશે, ચાલુ મેનેજરોની મુદત માસ ત્રણની પુરી થયેથી પોતાના હસતકનો હીસાબ મેનેજીંગ કમીટીની મીટીંગ બોલાવી તેમના સ્વાધીન કરવો અને શાત મેનેજરોની બીજી જોડીએ પોતાનો અખત્યાર લેવો. એવી રીતે માસ બારનો હીશાબ આડીટરો પાસે તપાસાવી જમાતની મીટીંગ માં મેનેજીંગ કમીટીએ રજુ કરવો, અને મેનેજીંગ કમીટીએ પોતાની મીટીંગનું કોરમ જણ ૧૦) તથા ચાલુ મેનેજરોએ પોતાની મીટીંગનુ કોરમ જણ ૪) નું ગણવું.

૧૯. જમાત પાસે મેનેજીંગ કમીટીનો જે હીસાબ આવે તે તપાસી બહાલ રાખવો અને તે હીસાબ છપાવી બહાર પાડવો.

૨૦. ચાલુ મેનેજરોને જમાતનો ચાલુ ખરચ કરવાની સતા ઉપરાંત નવું કામ કરવું હોય તો રૂ૦ ૧૦૦) એકસો સુધીનું કરી શકશે પણ તેથી વધારેનું કામ હોય તો મેનેજીંગ કમીટીની મંજુરી-

આત મેળવવી પડશે, મેનેજીંગ કમેટીને રૂા૦ ૨૦૦) બસો સુધીની મંજુરીઆત આપવાની સતા છે, તેથી જો વધારેનું કામ હોય તો જમાતની મંજુરીઆત મેળવવી પડશે.

૨૧. ચાલુ મેનેજરો જમાતની પુરાંત રૂા૦ ૨૦૦) બસો સુધીની રાખી સકશે અને તેથી વધારે જે થાય તે, જમાતના ઠેરાવેલા ખજાનચીને ભરે. અગર ચાલુ મેનેજરોને જમાતે અથવા મેનેજીંગ કમીટીએ અથવા પોતાની સતાથી નવા કામ તથા કામોમાં ખરચ કરવાની જે જે મંજુરીયાત મળેલી હોય તેને માટે જોઇતા નાણાં ખજાનચીએ આપવા અને તેમાંથી દર રકમ ઉપાડતી વખતે મંજુરીઆતની જરૂર નથી.

૨૨. જમાતે પશાર કરેલા ઠેરાવો, જમાતના કાયદા કાનુનો તથા કાયદાની કોઇ કલમમાં ફેરફાર અથવા સુધારો વધારો કરવાની જમાતને કુલ અખતીઆરી છે, અને તેવી બાબત માટે કોઇ પણ મેમ્બર કલમ (૧૪) પરમાણે અરજ કરી શકશે અને તેવી મીટીંગની ખબર દસ દીવસ અગાઉથી સેક્રેટરી આપશે અને તેવા સુધારાની દરખાસ્તની નકલ જમાતની આફીસમાં દરેક મેમ્બરને જોવાને મલશે.

૨૩. જમાતના ચોપડા મધે મસજીદ, મદ્રેશા, ઇમામવાડા, તથા જમાતના ફંડ એવા ચાર ખાતાં રાખવાં અને જે ખાતે નાણાં આવે તે ખાતે જમે કરવા અને મસજીદ, મધરેશા, તથા ઇમામવાડાનાં જે નાણાં આવે તે તે ખાતે જમે કરી મજકુર

ત્રણ ખાતાઓના ટ્રસ્ટીઓના ખાતે ઉધારી તેઓને સવાધીન કરવા જેથી કરીને તેના ટ્રસ્ટદીદ મુજબ તેનો, ટ્રસ્ટીઓ અમલ કરશે.

૨૪. જમાતના ફંડ ખાતામાંથી સાદ ફેરવવાવાલા તથા મેહતા મુસદ્દી વીગેરે જમાતના કામ માટે રાખેલા માણશોને પગાર આપવો અને એ ફંડ ખાતે જેમ જેમ વધારો થતો જાય તેમ તેમ જમાતના લાભ માટે મીલકતો વીગેરે ખરીદ કરીને તેની પેદાશ ચાલુ કરવી. પણ જ્યાં સુધી મીલકતો વીગેરે ખરીદ થાએ ત્યાં સુધી જમાતનાં જેબી નાંણા ખજાનચી પાશે આવે તેમાંથી ફકત રૂ૦ ૧૦૦૦ એક હજાર સુધી પરાંત રાખી બાકીનું સરવે નાણું મુંબઇની બેંકોમાં અને સધ્ધર જામીનગીરીમાં રોકવું અને પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરીઓ અને ખજાનચી, એ પાંચ જણાઓના નામે ખાતા પડાવી જમે કરાવવા અને જયારેબી તે નાંણાંમાથી ઉપાડવાની જરૂર પડે ત્યારે ઉપર જણાવેલા પાંચ અમલદારો અથવા તેમાંના ત્રણ અમલદારોની સઇ લઇને ખજાનચીએ ઉપાડવા.

૨૫. આપણી જમાતના ગરીબ બેકાર ભાઇઓને ધંધે લગાડવા માટે થોડું નાણું "કરજલ હશનાત" તરીકે હફતા બાંધી જમાતની કન્શલ્ટીંગ કમીટીને ધીરવાની સતા આપવામાં આવે છે. અને તે માટેના ઊમેદવારને પોતાના નામ, ઠેકાણા, ધંધા વીગેરેની વીગત સાથેની અરજી કરવી પડશે અને તે અરજી ઉપર મજકુર કમીટી પોતાની મીટીંગ કરી ઠેરાવ કરશે તે પ્રમાણે જમાતના ચાલુ મેનેજરો ઘટતો દસતાવેજ કરી જમાત ફંડમાંથી મદદ આપશે. અને તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ વધારવા માટે મદદ આપવાની પણ સતા મજકુર કમીટીને છે.

૨૬. આપણી જમાતના ગરીબ ભાઇઓ જેઓ તંદુરસ્ત અને મેહનત મજુરી કરી શકે તેઓને ભીખ માંગવાના કામને જમાત ઉત્તેજન આપસે નહી. પણ જો કોઇ લાચાર, બેહવા, યતીમને ત્થા કનયાદાન તથા કેલવણી વગેરેના કામમાં જમાત મદદ કરસે અને તેવી બાબતમાં પણ કન્સલ્ટીંગ કમીટીને અરજી કરવી પડસે અને તે ઉપર વીચાર કરી જે ઠેરાવ કરસે તે પ્રમાણે ચાલુ મેનેજરો અમલ કરસે.

૨૭. જમાતના કોઇબી કામ બાબતની ચીઠી ચાલુ મેનેજરોને લખવી અને તેઓ તે બાબત વીચાર કરી જે કામ પોતાની અખતીઆરીનો હસે તેનો પોતે નીવેડો કરશે અને જે કામ જમાતનો અથવા મેનેજીંગ કમીટીનો હશે તો તેમની મંજુરીઆત લઇ અમલ કરશે.

૨૮. આપણી જમાતના સરવે મેમ્બરોએ દર વરસે જમાત ફંડમાં મોહરમની તા૰ ૧ લી થી ૧૦ મી સુધીમાં દર કુટુંબ દીઠ ઓછામાં ઓછો રૂ ૧) આપવો અને તેની પોહચ ચાલુ મેનેજરો આપસે.

૨૯. પાલાગલી મધેની મસજીદ, મધરેશા તથા ઇમામવાડા માટે તા૰ ૭ મી મે ૧૯૦૦ ના થયેલાં ટ્રસ્ટડીદ મુજબ મસજીદ વગેરેનો વહીવટ મજકુર ટ્રસ્ટડીદ મધે લખ્યા મુજબ ટ્રસ્ટીઓ કરશે તથા તેના નીભાવ માટેની મીલકતની પેદાશમાંથી તેનો ખરચ ચલાવશે. તેમાં જો ઘટારો થાય તો તે જમાતના ફંડમાંથી જમાતના

મેનેજરોએ આપવો, એ ટ્રસ્ટ મીલકતોને લગતુ કામ ટ્રસ્ટ મુજબ ટ્રસ્ટીઓ કરશે પણ જો તેઓ કોઇ કામ જમાતના ચાલુ મેનેજરોને સોંપવામાં આવશે તો તે જમાતના ચાલુ મેનજરો કરે.

૩૦. મસજીદ માટે ટ્રસ્ટ ઉપરાંત લીધેલાં પછવાડાંના ઘરોની કીમત તથા મસજીદના નવાં બાંધ કામનો ખરચ જે ટ્રસ્ટીઓએ કરેલો છે તેમાં હાલ સુધીમાં મળેલી બહારની મદદનો હીસાબ કરતાં જો ઘટારો રહેશે તો તે ઘટારો ફાલાથી અથવા આપણા સખી ભાઇ-ઓની મદદથી પુરો કરવામાં આવશે ત્યાં સુધી જો તેમાં ઘટારો હોય તો તે જમાત ઉપર લેણા તરીકે ગણવામાં આવશે તેની ઉપર કાંઇ પણ વીઆજ લેવામાં આવશે નહી અગર એ ખાતે ટ્રસ્ટીઓના હાથમાં જે વધારો હોય તે જમાતના ચોપડામાં મસજીદના ખાતે જમે કરવામાં આવશે.

૩૧. મસજીદ માટેના કેટલાંક કાઅદા ટ્રસ્ટડીદ મધે લખેલા છે તે ઉપરાંત જમાત તરફથી નીચલા કાયદાઓનો તેમાં વધારો કરેલો છે.

(ક) મસજીદ તથા તેનાં સેહન મધે બીડી તથા હુકો પીવાની સખ્ત મનાઇ છે.

(ખ) મસજીદના અંદરના ભાગમાં કોઇને સુવા દેવામાં આવશે નહી.

(ગ) મસજીદની લગતી કોઇ પણ ચીજ મેમ્બરોના ઘરે વાપરવા લઇ જવા દેવામાં આવશે નહી.

(ઘ) જમાત તથા ઉમેદવાર તરફથી થતાં જમણ મસજીદમાં ખાવા દેવામાં આવશે નહી.

(ન) મસજીદની અંદર થતી મજલશામાં, નીઆઝ તરીકે નાનખટાઇ, ચા, કાફી, દુધ તથા શરબત વીગેરે ખાવા દેવામાં આવશે.

(ચ) મસજીદમાં ઉમેદવાર તરફથી જો રાતના મજલશ કરવામાં આવે તો ગીયાસ લાઇટનો ખરચ ઓછામાં ઓછા રૂ ૨) બે જમાતને આપવા પડશે.

(છ) મસજીદના અંદર હાલમાં જેટલી લાઇટ છે તે ઉપરાંત બીજી વધારે લાઇટ કોઇબી ધણીને મજલશાને વાસતે ટાંગવા દેવામાં આવશે નહી. પણ જો બહાર ઝાડો, ગલાશ વગેરેની લાઇટ કરનાર ધણી પોતાના ખરચે કરી શકશે.

(જ) મસજીદની અંદર માતમ કરવા દેવામાં આવશે નહી.

(ઝ) મસજીદની અંદર અલમ અથવા મેંદી ફેરવવા દેવામા આવશે નહીં.

(ટ) મસજીદની અંદર કોઇબી જાતની તસવીર રાખવા દેવામાં આવશે નહી.

(ઠ) મસજીદના નમાજ પડાવનાર, બાંગી, મસાલ, સીપાઇ સાફ સુફ કરનાર વીગેરે માણસો રાખવાં તથા બદલવા વીગેરેનું કામ ટ્રસ્ટદીદ મુજબ ટ્રસ્ટીઓ કરશે અને તે બાબતસર ચાલુ મેનેજરોને જો તેઓ કોઇ માણસ રાખવા વગેરેનું કામ સોંપશે તો તે મેનેજરો કરશે.

(ડ) મસજીદ તથા જમાત માટે જોઈતા માણસો જ્યાં સુધી આપણી જમાતના મલે ત્યાં સુધી બીજી કોમના રાખવા નહી.

ઇમામવાડો.

૩૨. ઇમામવાડા મધે મજલશો જમણ વીગેરે કરવાની સરવે મેમ્બરોને રજા આપવામાં આવશે પણ ખોજાઓ સીવાય (જમાતના ચાકરો) બીજી કોમના માણસોને દાખલ કરવામા આવશે નહી. જો કોઇ પણ મેમ્બરને બહારના માણસોને તેડાવવાં હોય તો તેવી મજલશો અથવા જમણો કરનાર મેમ્બરોએ મેનેજરોની રજા લઇને ઇજન કરવા.

૩૩. જમાતના જમણ તથા મજલશોને વાસતે બાઇઓ માટે જમવાની તથા મજલશોની અલાહેદી જગ્યાની સગવડ કરવામાં આવી છે, ત્યાં સરવે કામ બાઇઓથીજ કરવામાં આવશે.

૩૪. જમાતને લગતો સામાન દેગો, ચુલા, થાલા, ચટાઇ, બાંકડા, વીગેરે જે ચીજો જમાત માટે વાપરવા રાખી હશે

તે દરેક મેમ્બરને પોતાના ઘરે શાદીગમીનાં ટાંકણે વાપરવા આપવામાં આવશે જે માટે ચાલુ મેનેજરોની રજા લેવી પડશે અને ઉપર લખેલા સામાનમાંથી ફક્ત ચુલા ઉપર ચડે તે દર દેગ દીઠ ૨૦ ાા (આઠ આના) પ્રમાણે ભાડું લેવામાં આવશે પણ જો કોઇ ચીજ ગેરવલે જાસે, અથવા ભાંગ ટુટ થાસે તેની કીમત ભરી આપવી પડશે તથા લઇ ગયેલો સામાન સાફ સુફ કરી પોંચાડવો પડશે. અને તેવો સામાન લઇ જવા અગાઊ ભાંગ ટુટ માટે મેનેજરો માગે તેટલી રકમ દીપાઝીટ રાખવી પડશે.

૩૫. જમાતના દરેક મેમ્બરના ઘરે સાદી ગમીના ટાંકણે સાદ ફેરવવા માટે ચાલુ મેનેજરોની રજા લેવી. અગર ચાલુ મેનેજરો વખતસર હાજર નહી હોય તો, સેક્રેટરી અથવા મેનેજીંગ કમીટીના કોઇ પણ મેમ્બર રજા આપી શકશે

૩૬. જમાતમાં થતાં લગન, મૈયત વીગેરેનું સરવે કામ ચાલુ મેનેજરોને ઉકલાવવું પડશે, જો તેઓ હાજર ન હોય તો, સેક્રેટરી તથા મેનેજીંગ કમીટીના કોઇ પણ મેમ્બર આટોપી શકશે.

મૈયત.

૩૭. જમાતમાં થતાં મૈયતને ગુસલ, આપવા માટે જમાતે આરામ બાગ મધે ગુસલખાનું બાંધેલુછે. અને ત્યાં ગુસલ આપવા માટેની સરવે સગવડો કરેલી છે. જમાતના મેમ્બરો જેમની મરજી હોય તેઓએ આરામબાગમાં તથા પોતાનાં ઘરે મૈયતને ગુસલ અપાવે. ગુસલ

આપવા માટે મરદો તથા ઓરતો જમાત તરફથી મેનેજરોએ રાખવા કે જેઓ મૈયતને ગુસલ આપશે. ગુસલ માટે જમાત તરફથી કાંઇ પણ કર લેવામાં આવશે નહી. તથા કફન વગેરે પણ જમાતનું માણસ સીવી આપશે.

૩૮. જમાતના કોઇ પણ મેમ્બરને પોતાના ખેશીનું મૈયત કરબલા મોકલવું હશે તો તેને પણ ગુસલ વગેરે આપી આરામ બાગનાં કબ્રસતાનમાં સંદુક રાખવાના મકાનમાં સંદુક રાખવા દેવામાં આવશે.

૩૯. આરામબાગનાં કબરસતાનમાં મૈયત દફન કરવાની જગ્યા જમાતે ચાલુ કરેલી હારમાજ કબર ખોદવા દેવામાં આવશે. જો કોઇ પણ મેમ્બરને તે હારથી બીજી બાજુ દફન કરવો હોય તો ચાલુ મેનેજરોની રજાથી કરવા દેવામાં આવશે.

૪૦. જમાતના કોઇ ગરીબ મેમ્બરની કફન કપુર તથા મૈયત સામાન ખરીદવાની શકતી નહી હોય તો તે જમાત ફંડમાથી ચાલુ મેનેજરોએ પુરો પાડવો.

૪૧. મૈયત, નમાઝ, તલકીન, ફાતેહા વગેરે પઢવાનું તથા કબર ખોદવાનું કામ જમાતના પગારદાર મુકરર કરેલા માણસો કરી આપશે જેને માટે કાંઇ પણ લેવામાં આવશે નહી.

૪૨. મૈયત નમાઝ આરામબાગ મધેની મસજીદમાં પડાવવામાં આવશે

૪૩. મૈયતની મોલુદ તથા ઝયારત પણ જમાતનો નેમેલો મુલ્લાં પડશે તેના માટે મુલ્લાંને કાંઇ પણ કર આપવો પડશે નહી.

૪૪. મૈયતના વાલીએ, તથા દોસ્ત આશનાઓ વગેરે જેઓ મૈયતના રૂહના સવાબ માટે જીયારતની ફીઆઓ વગેરે વખતે જે કાંઇ જમાતના ફંડોમાં આપશે તે ખુશીથી લેવામા આવશે તથા કોઇબી ધણી વસીયતનામું કરી જમાત ફંડ, મસજીદ, મધરેસા તથા ઇમામવાડા ફંડમાં આપશે તે જમાત ખુશી સાથે સ્વીકારશે.

૪૫. મૈયતના જનાજા ઉપરના તથા અંદરના કપડાં જમાત લેશે જે ચાલુ મેનેજરોએ પોતાનાં સવાધીનમાં લેવા

૪૬. જમાત દરેક મૈયતની નોંધ વીગત સાથે પોતાના દફ્તરમાં રાખશે.

૪૭. જમાત પાસે જે મૈયતનાં, જનાજાનાં લુગડાં વગેરે ભેગા થાય તે મેનેજીંગ કમીટીના ધ્યાનમાં આવશે તે પ્રમાણે તેની વ્યવસ્થા કરશે.

૪૮. જમાતનો કોઇ મેમ્બર જો મૈયતના જનાજા ઉપર તથા અંદર નાંખવા માટે લુગડાં જમાત પાશે માંગશે તો તે આપવામાં આવશે અને તેની જે કીમત ધણી આપશે તે ચાલુ મેનેજરો સ્વીકારશે.

૪૯. મૈયતની ઝયારત મસજીદમાં પડાવવામાં આવશે. ઘર ધણી પોતાના ઘેરે અથવા મસજીદમાં મોલુદ પડાવી શકશે.

સગપણ.

૫૦. જમાતના લીસ્ટમાં જે ધણીનું નામ હશે તેઓ પોતાનું અથવા પોતાનાં છોકરાં છોકરીઓ વગેરેના સગપણ જો જમાત હસ્તક કરવા માંગશે તો જમાતનાં માણસોને તેડાં કરવાં અને જમાત છોકરી-વાલાને ઘરે જઇને ત્યાં છોકરીના વાલીને તેની છોકરીનું સગપણ જેની સાથે કરવો હોય તે વીશેનો જમાત સનમુખ ચાલુ મેનેજરો અથવા મેનેજીંગ કમીટીનાં કોઇ મેમ્બર પાસે એકરાર કરવો અને છોકરી તથા છોકરાવાલાએ ઓછામા ઓછો રૂ૦ ૧) એક જમાતમાં તે વીશેની નોંધ રાખવાને આપવો અને જમાત તેની વીગત સાથેની નોંધ પોતાના દફતરમાં કરશે.

વીવાહ.

૫૧. વીવાહમાં કંચનીઓની નાચની શખત મનાઇ છે.

૫૨. વીવાહમાં છોકરાં તથા છોકરીવાલા પોતા તરફથી જે કાંઇ ખુશાલી તરીકે જમાત ફંડમાં આપે તે ચાલુ મેનેજરોએ સ્વીકારવું, તેમ ઘરઘરણાંમાં પણ તેવી રીતે સ્વીકારવું.

૫૩. વીવાહની ખુશાલીમાં જમાત, મસજીદ, મદરેસા, તથા ઇમામવાડા વીગેરેના ફંડમાં કોઇ ધણી ખુશીથી મોકલશે તે જમાત સ્વીકારશે.

૫૪. જમાતના મેમ્બરોના નીકાહ જમાતે મુકરર કરેલા મુલ્લાં પડી આપશે અને તેની મહર, ગવાહો વગેરેની નોંધ જમાતના દફતરમાં રાખવામાં આવશે. તે નીકાહ પડનાર મુલ્લાંને કાંઇ પણ આપવું પડશે નહી.

૫૫. જમાત હસતક થયેલા નીકાહ માટે જમાત નોંધ રાખશે પણ જમાતમાં નહી નોધાયલા નીકાહ માટે જમાત જવાબદાર રહેશે નહી.

૫૬. વીવાહમાં છોકરીવાલાએ છોકરીને તથા જમાઇને તથા તેના સગાંવાલાંઓને પેહરામણી આપે; તેની જમાતના ચાલુ મેનેજરો આશરે કીમત સાથેનો નોંધ કરશે અને તેની કીમતના સરવાળા ઉપર સેંકડે (૨) બે ટકા જમાતને આપવા પડશે.

૫૭ ઉપર જણાવેલા વીવાહના લાગા માટે જો કોઇ મેમ્બર ગરીબ હશે અને તેની શકતી ન હશે તો ચાલુ મેનેજરોને સતા આપવામાં આવે છે કે તેમાં જેમ વાજબી લાગે તેટલી રકમ લીએ અથવા કંઇ પણ ન લીએ.

૫૮. વીવાહ માટેના સાદ પણ જમાતનો માણસ ફેરવશે તેને કાંઇ પણ કર લેવામાં આવશે નહી.

૫૯. આપણી જમાતનો કોઇ મેમ્બર ખોજાઓની બીજી કોઇ જમાતોવાલાની સાથે પોતાનુ તથા કુટુંબમાંથી કોઇના લગન, ઘરઘરણું વગેરે કરવાં હોય તો તે માટે જમાતને ચીઠી લખી તેની મંજુરીઆત મેલવવી પડશે. ત્યાર બાદ લગન અથવા ઘરઘરણું કરી શકશે.

૬૦. આપણી જમાતના કોઈ મેમ્બર પોતાની એક બાયડી હયાત છતાં બીજી બાયડી કરવા માંગશે તો પહેલી બાયડી સાથે સારી ચાલથી વરતવા તથા તેની ખોરાકી પોશાકી વગેરે સરવે રીતે બેઉ વચે શરીયત પરમાણે એક સરખી રીતે અદલથી વરતવાની જમાત ઠેરવે તેવી ખાતરી આપવી પડશે તથા જમાત ઠેરવે તે મુજબ બંદોબસત કરી આપેથી બીજી બાયડી સાથે નીકાહ કરવા જમાત તરફથી રજા મલસે.

૬૧. જમાતના કોઇ મેમ્બરનો આપણી અથવા આપણા ખોજાઓની બીજી જમાતો મારફત થયલા લગનો તથા ઘરઘરણા માંથી કોઇને પોતાની બાયડીને તલાક આપવાની ફરજ પડી હોય તો તે જમાતની મંજુરીઆત વગર કોઇ પણ ધણી તલાક આપી શકશે નહી.

વારસા.

૬૨. વારસા હીસાની બાબતમાં જયાં સુધી ખોજાઓ માટે ઇસલામી ધારો સરકાર મુકરર કરે નહી ત્યાં સુધી જમાત એ બાબતમાં કશું કરી શકતી નથી પણ દરેક મેમ્બરને પોતાની હયાતી માં પોતાની મીલકતની વ્યવસ્થા માટે શરીયત પ્રમાણે વસીયતનામુ કરવાની ભલામણ કરવામાં આવે છે કે જેથી ખુદા. વ. રસુલના ફરમાન પ્રમાણેના વારસોને મલે અને તેમ થાય તો સારૂં. અગર વસીઅતનામુ નહી હશે તેવી વારસા હીસાની બાબતમાં જમાત કાંઇ કરી શકશે નહી.

કનસલટીંગ કમીટીનાં મેમ્બરો.

શેઠ હાશમભાઈ વીસરામ J.P.
,, ઈબરામભાઈ હાશમ
,, હાજીભાઇ લાલજી J.P.
,, ફાજલભાઈ વીસરામ C.I.E.
,, અબ્દલાભાઇ લાલજી
ડા૦ ઇસમાલભાઇ જાનમામદ L.M.&S, J.P.
શેઠ રેમતલાભાઈ ખેરાજ J.P.
,, દેવજીભાઈ જમાલ
,, જાનમામદભાઈ આસર
,, ફાજલભાઇ જુમાભાઈ લાલજી
,, શરીફભાઇ દેવજી કાનજી
,, ગુલામહુસેનભાઈ મુરાજ મીસતરી
,, ફાજલભાઈ પીરૂ મામદ
,, કરીમભાઈ નેણસી પીરૂ મામદ
,, કરમાલીભાઇ પીરભાઈ
,, દોસતમામદભાઇ પીરભાઈ હાજી
ડા૦ રજબઅલીભાઈ વીસરામ પટેલ L.M.S.
શેઠ મોજાભાઈ અલારખીઆ
,, જાફરભાઈ રેમતુલા
,, કરીમભાઈ કાશમ નાનજી
,, રઇમભાઈ હીરજી અલારખીઆ
,, સાબાનઅલીભાઇ પીરભાઈ દામજી
,, બંદાલીભાઇ હીરજી ખાકુ
,, ગાંગજીભાઇ પુંજા
,, જાનમામદભાઇ રેમતુલા શાજન
,, સચેદીનાભાઈ કલ્યાણ મોઝમ્બીકવાલા
,, ગુલામહુશેનભાઈ મીઠુઆણી
,, ભલુભાઇ વલી

શ૦ હીજરી ૧૩૧૯ સાલનાં કારોબારી મંડલી.

શેઠ હાશમભાઇ વીશરામ J.P.	પ્રમુખ.
ડા૦ ઇશમાલભાઈ જાનમામદ L.M.&S, J.P.	ઉપપ્રમુખ.
શેઠ હાજીભાઇ વીસરામ J.P.	મેમ્બરો.
,, ખંદેઅલી હાજીભાઇ લાલજી	
,, જાફરભાઈ રણમલ	
,, શરીફભાઇ દેવજીભાઈ કાનજી	
,, પીઆરઅલીભાઈ અબદલા ડોસા	
,, જુસબભાઈ પીરભાઈ વાંદરાવાલા	
,, અબદલાભાઇ અલારખીઆ	
,, જાફરભાઈ મામદ શાજન	
,, ફાજલભાઇ અલુભાઇસુરાજ	
,, શાલેમામદભાઇ ધરમસી	
,, સુમારભાઈ અલારખીઆ	
,, કરીમભાઇ કાશમભાઇ નાનજી	
,, કરીમભાઈ લાલજીભાઇ સાજન	
,, કાશમભાઈ નાનજીભાઇ મીયાણી	
ડા૦ કાશમઅલીભાઇ જમાલ G.B.V.C.	
શેઠ નજરઅલીભાઈ શરીફ નાથાની B.A.L.L.B.	
,, અલારખીઆભાઇ માણેક	
,, બંદાલીભાઇ સીવજી વીરાણી	
,, ગુલામહુશેનભાઇ મોલુભાઈ	

શેઠ અબદલાભાઇ નુરમામદ ,, જુસબભાઈ ઇસા કપડીઆ ,, અલીમામદભાઈ ગુલામહુશેન શુમાર ,, ઈસમાલભાઈ દાદા દેવરાજ ,, ગુલામહુશેનભાઇ મામદ ,, નાથરભાઈ હાજી માવજી ,, મનજીભાઈ ખટાઉ ,, અબદુલરસુલભાઈ ભલુભાઈ વલી ,, ઇભરાહીમભાઈ નાનજી	મેમ્બરો.
,, અબદલાભાઈ હાજી માવજી ,, જાનમામદભાઇ હાજી દેવજી	સેક્રેટરીઓ.
,, ગુલામહુશેનભાઈ અલુભાઈમુરાજ	ખજાનચી.
,, ઇસમાલભાઈ અબદુલાભાઈ લાલજી ,, રેમતલાભાઈ દાતારદીના	આડીટરો.

ખોજા શીઆ ઇસના અશરી જમાતમાં દાખલ થએલા હમણા સુધી નોંધાએલા નામોનો લીસ્ટ.

શેઠ અબદલાભાઇ અલારખેઆ
,, અબદલાભાઇ કલેઆણુ
,, અબદલાભાઇ કાશમ નાનજી
,, હાજી અબદલ્લાભાઇ કાસમ ભગત
,, અબદલાભાઈ જાનમામદ ભાણુજી
,, અબદલાભાઇ ધરમસી
,, અબદલાભાઈ નુરમામદ
,, અબદલ્લાભાઇ પીરેદીના શચેદીના
,, અબદલાભાઇ મામદ ઇસમાલ જંગબારી
,, અબદલાભાઇ મામદ ઈશા કાપડીઆ
,, અબદલાભાઈ હાજી માવજી
,, અબદલાભાઈ મુરજી ગાંગજી
,, હાજી અબદલાભાઈ મુશાણી
,, અબદુલાભાઇ લાલજી શુમાર
,, અબદુલ રસુલભાઇ કાસમ ભાણુજી
,, અબદુલ રસુલભાઇ ભલુ વલી
,, હાજી અબદુરહીમ હાજી ખલપાન
,, અબદુરહીમભાઇ શાલેઆણી
,, અબદુલ અજીજ જીુસબાણી
,, અબદુલઅલીભાઇ વાલજી

શેઠ હાજી અબદુલ કરીમભાઈ હાજી કાશમ ખટાઉ
,, અબદુલ કરીમભાઈ નાસર
,, અબદુલ હુશેનભાઈ મામદ
,, અલાદીનભાઇ અબદલ રહેમાન
,, અલાદીનભાઇ કાસમ સીવજી
,, અલાદીનભાઈ ખીમજી
,, અલાદીનભાઈ ગુલામહુશેન કચ્છમાંડવીવાલા
,, હાજી અલાદીનભાઈ ગુલામહુશેન ભાવનગરી.
,, અલાદીનભાઇ નાનજી મનજી
,, અલાદીનભાઇ મામદ
,, અલાદીનભાઈ વીરજી ડાહયા
,, અલાદીનભાઈ વીરજી નાનજી
,, અલાદીનભાઈ સંગજી
,, અલાદીનભાઇ હસન મુખી
,, અલાદીનભાઇ હાસમ માહીમવાલા
,, અલારખેઆભાઇ ઈબ્રાહીમ દોસા
,, અલારખેઆભાઇ આડત પંજુ
,, અલારખેઆભાઇ કાનજી મીસ્ત્રી
,, અલારખેઆભાઈ ખેતસી
,, અલારખેઆભાઇ દેવજી મુરીશવાલા
,, હાજી અલારખેઆભાઇ મનજી લાલજી
,, અલારખેઆભાઇ માણેક
,, અલારખેઆભાઈ મેરાલી વીરાણી
,, અલારખેઆભાઇ રહીમ વીરજી
,, હાજી અલારખેઆભાઇ વલી

શેઠ અલીભાઇ અબદુલ અજીજ શાજુઆણી
,, અલીભાઈ હાજી અબદુલા હાજી માવજી
,, અલીભાઈ કાસમ સુમાર
,, અલીભાઈ ગુલામહુશેન
,, અલીભાઈ જુમા દામજી
,, અલીભાઈ જેઠા
,, અલીભાઇ ધનજી
,, અલીભાઇ ધાલા કચ્છવીંઝાણુવાલા
,, અલીભાઈ નથુ
,, અલીભાઈ મામદ માસ્તર
,, હાજી અલીભાઇ મુરાજ
,, અલીભાઇ મેરાલી
,, અલીભાઇ વાલજી વસ્તા
,, અલીભાઈ વાલજી જીવરાજ
,, અલીભાઈ સલેમાન મનજી
,, અલીભાઈ સુ[illegible]જી સીનુગરાવાળા
,, અલીભાઇ હાસમ
,, અલીદીનાભાઈ પરધાન
,, અલીદીનાભાઇ લાડક દામજી
,, અલીમામદભાઈ ગુલામહુસેન શુમાર
,, અલીમામદભાઈ જાફર મેઘજી
,, અલીમામદભાઇ બાણુજી નથુ
,, અલીમામદભાઇ મનજી ખટાઉ
,, અલીમામદભાઈ મુસા રહેમતલા
,, અલીમામદભાઇ મેરાલી

શેઠ અલીમામદભાઇ લખમસી છતરીવાલા
,, અલીમામધભાઇ લધા આસર
,, અલીમામદભાઇ વલીભાઇ
,, અલીમામદભાઇ વીરજી
,, અમરસીભાઈ ધરમસી માવજી
,, આણંદભાઇ નુરમામધ
,, આણંદભાઇ રહીમ
,, આહમદભાઈ અબદુલ કાસમ ભગત
,, આહમદભાઈ ગગજીભાઈ [illegible]
,, આહમદભાઇ મેરાલી કાસમ
,, ઈબ્રાહીમભાઈ હાજી અબદલા મામદ
,, ઇબ્રાહીમભાઈ ઈસમાઈલ મામદ
,, ઇબ્રાહીમભાઇ કાનજી ગીગાણી
,, ઈબ્રાહીમભાઇ જમાલ હાજી
,, ઇબ્રાહીમભાઇ જુસબ મામદ મુખી
,, ઈબ્રાહીમભાઇ તારમામદ મોજાણી
,, ઈબ્રાહીમભાઈ ડોસા આટાવાલા
,, ઇબ્રાહીમભાઇ ધનજી
,, ઇબ્રાહીમભાઇ નાનજી
,, ઇબ્રાહીમભાઇ ભાણજી
,, ઇબ્રાહીમભાઈ મનજી
,, ઈબ્રાહીમભાઈ હાજી મામધ
,, ઈબ્રાહીમભાઈ હાજી મામદ સરીફ
,, ઈબ્રાહીમભાઈ મોલેદીના સોમજી
,, ઈબ્રાહીમભાઇ રણમલ મામદ

શેઠ ઈબ્રાહીમભાઈ લાલજી
,, ઈબ્રાહીમભાઈ હાસમ
., ઈબ્રાહીમભાઇ હાસમ રણમલ
,, ઇસમાઇલભાઇ અબદુલાભાઈ લાલજી
,, ઈસમાઈલભાઈ અલારખેઆ રવજી
,, ઈસમાઇલભાઈ કલેઆણ રાજપાર
,, ઈસમાઇલભાઈ ખીમજી વેસાવાવાલા
ડા૰ ઈસમાઈલભાઈ જાનમામદ L.M.&S. J.P.
શેઠ ઈસમાઈલભાઈ જીવરાજ
,, ઈસમાઈલભાઈ દાયા
,, ઈસમાઈલભાઈ દાદા દેવરાજ
,, ઇસમાઇલભાઈ ધરમસી
,, ઈસમાઈલભાઈ નેણસી ભીમજી
,, ઈસમાઇલભાઇ પારપેઆ પટેલ
,, ઈસમાઇલભાઈ પીરેદીના લાકડાવાલા
,, હાજી ઈસમાઈલ હાજી માવજી
,, ઈસમાઈલભાઈ મુરજી પરેમજી
,, ઇસમાઈલભાઇ રહીમબક્ષ
,, ઈસમાઇલભાઇ વાલજી
,, ઇસમાઈલભાઈ વીરજી જરીવાલા
,, ઈસમાઇલભાઇ સીવજી વીરાણી
,, ઈસમાઈલભાઇ સોમજી
,, ઇસમાઈલભાઇ હાસમ ધનજી
,, ઇસાભાઇ અલારખેઆ વલી
,, કરમાલીભાઇ અબદલા હાસમ

શેઠ કરમાલીભાઇ થાવર અલાના
,, કરમાલીભાઈ નાનજી
,, કરમાલીભાઈ પરેમજી
,, કરમાલીભાઈ પીરભાઇ
,, કરમાલીભાઇ ભોજાભાઈ અલારખેઆ
,, કરમાલીભાઈ મામદ જેઠા સાંકાઇ
,, કરમાલીભાઈ મેગજી મામદ
,, કરમાલીભાઇ લવજી
,, કરમાલીભાઇ હરજી
,, કરીમભાઈ કાસમભાઈ નાનજી
,, કરીમભાઈ કાસમ સીવજી મીસ્રી
,, કરીમભાઈ સબુરભાઈ
,, કરીમભાઈ જાફર મછીવાલા
,, કરીમભાઈ ઝીંણા
,, કરીમભાઈ નેણસી પીરૂ મામદ
,, કરીમભાઈ પરેમજી
,, કરીમભાઈ મુરજી થારેઆ
,, કરીમભાઇ લાલજીભાઈ શાજન
,, કરીમભાઈ વાલજી
,, હાજી કલેઆણુભાઈ ગાંગજી
,, કાસમભાઈ ગાંગજી મુકાદમ
,, કાસમભાઈ ગોવા
,, કાસમભાઈ જશા બુટવાલા
,, કાસમભાઈ જેઠા રહીમ ત્રાંબાવાલા
,, કાસમભાઈ થાવર આટાવાલા

શેઠ કાસમભાઈ નાનજી મીયાંણી
,, કાસમભાઇ નુરમામદ
,, હાજી કાસમ (કલુ) માણેક મુંમણ
,, કાસમભાઈ મામદ ઈબ્રાહીમ
,, કાસમભાઇ મુરજી જીવા
,, કાસમભાઇ મુરજી થારેઆ
,, કાસમભાઈ રેમતલા
,, કાસમભાઇ સીવજી કરમસી
ડાૅ૦ કાસમઅલીભાઈ જમાલ નાથાણી G.B.V.C.
શેઠ કાસમઅલીભાઇ દેવસી
,, કાસમઅલીભાઈ ધરમશી
,, કાસમઅલીભાઈ પીરભાઈ કરીમ ટીકીટવાલા
,, કાલાભાઈ કરીમભાઈ
,, કાલાભાઈ મોતીભાઈ
,, કુંવરજીભાઇ દામજી
,, કેસવજી કરીમ જેઠા
,, ખમીસાભાઈ મામદ ઉકેડા
,, હાજી ખલપાનભાઈ રતનશી
,, ખાનમામદભાઇ સલેમાન મનજી
,, ખીમજીભાઈ ગોવીંદજી
,, ખીમજીભાઈ ધનજી
,, ખીમજીભાઈ સીવજી થારેઆ
,, ખુસાલભાઈ કેસવજી ગીગા
,, ખુસાલભાઇ મોતી
,, ખુસાલભાઈ નાનજી
,, ગાંગજીભાઇ પીરભાઇ

શેઠ ગાંગજીભાઈ પુંજા
,, ગાંગજીભાઈ માવજી કલકતાવાલા
,, હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ
,, ગુલામઅલીભાઈ ગુલામહુશેનભાઈ મુરાજ
,, ગુલામઅલીભાઇ જીવરાજ
,, ગુલામહુસેનભાઇ અલારખેઆ કાનજી
,, ગુલામહુસેનભાઈ અલારખેઆ સુમાર ભીમા
,, ગુલામહુસેનભાઇ અલીભાઈ
,, ગુલામહુસેનભાઈ હાજી અલી જુમાણી
,, ગુલામહુસેનભાઈ અલુભાઈ મુરાજ
,, ગુલામહુસેનભાઇ ઇબ્રાહીમ જીવા
,, ગુલામહુસેનભાઇ ઇસમાઈલ ગાંગજી
,, ગુલામહુસેનભાઇ કાસમ
,, ગુલામહુસેનભાઇ કોરજી કાનજી
,, હાજી ગુલામહુસેન હાજી ખલપાન
,, ગુલામહુસેનભાઈ ખાકુ
,, ગુલામહુસેનભાઇ જાપર સોમજી
,, ગુલામહુસેનભાઈ હાજીભાઇ માણુક (ઉરફે કચ્છી)
,, ગુલામહુસેનભાઈ ધનજી અલુ
,, ગુલામહુસેનભાઈ ધનજી મામદ
,, ગુલામહુસેનભાઈ નથુ રવજી
,, ગુલામહુસેનભાઇ મામદ નાજક મુખી
,, ગુલામહુસેનભાઈ નાનજી
,, ગુલામહુસેનભાઇ નુરમામદ જેઠા
,, ગુલામહુસેન નુરમામદ મુમણુ

શેઠ ગુલામહુસેનભાઈ નુરમામદ રાજપાર
,, ગુલામહુસેનભાઈ ભીમજી
,, ગુલામહુસેન મનજી અલીબાગવાલા
,, ગુલામહુસેનભાઇ મામદ વાંકીવાલા
,, હાજી ગુલામહુસેનભાઇ મીઠુઆણી
,, ગુલામહુસેનભાઈ મુરજી કાસમ
,, ગુલામહુસેનભાઈ મુરાજ મીસ્ત્રી
,, ગુલામહુસેનભાઈ મેરાલી ઘીવાલા
,, ગુલામહુસેનભાઈ મોલેદીના કાસમ ચતુ
,, ગુલામહુસેનભાઇ મોલુભાઇ ભલેદીના
,, ગુલામહુસેનભાઈ રેમતલા દામજી
,, ગુલામહુસેનભાઈ સામજી
,, ગુલામહુસેનભાઈ સીવજી
,, ગુલામહુસેનભાઈ હુરજી
,, ગુલામહુસેનભાઈ હીરજી
,, ચતુરભુજભાઈ ગાંગજી
,, ચતુરભાઇ અજા
,, ચતુરભાઈ મોતી
,, જમાલભાઇ અમરસી
,, હાજી જમાલભાઇ પીરભાઇ
,, જમાલભાઈ હીરજી
,, જાનમામદભાઇ આણુંદ
,, જાનમામદભાઇ આસરાણી

શેઠ જાનમહમદભાઇ ગાંગજી માવજી કલકતાવાલા
,, જાનમહમદભાઈ ઝીણા
,, જાનમહમદભાઇ નથુ
,, જાનમહમદભાઇ મહેરઅલી મહમદ લાકડાવાલા
,, જાનમહમદભાઈ રહેમતુલા સાજન
,, જાનમહમદભાઇ સાલેમહમધ
,, જાનમહમદભાઈ હાજી દેવજી
,, જાફરભાઈ અબદલ કરીમ દેવાણી
,, જાફરભાઈ અલારખેઆ જાનમહમદ
,, જાપરભાઇ ગુલામહુસેન
,, જાપરભાઇ હાજી જાનમહમદ ભહારેનવાલા
,, જાપરભાઇ નથુ
,, જાપરભાઈ મનજી
,, જાફરભાઈ મહમદ મીસ્ત્રી
,, જાફરભાઇ મહમદ ધનજી
,, જાપરભાઈ મહમદ સાજન
,, જાફરભાઇ મેગજી કાનામાંગરોલવાલા
,, જાફરભાઇ રણમલ મહમદ
,, જાપરભાઈ રહેમતુલા
,, જાપરભાઇ લાલજી રામજી
,, જાફરભાઈ હાસમ દાતુ
,, જાપરભાઈ હાસમ દોસ્તમહમદ
,, જાપરભાઇ હીરજીભાઇ અલારખેઆ
,, જાપરઅલીભાઇ જુસબ મુખી
,, જાપરઅલીભાઇ નઝરઅલી

શેઠ જીવણભાઈ અમરસી
,, જીવરાજભાઈ અલીમહમદ જાફર
,, જીવરાજભાઈ અલીમહમદ માસ્તર
,, જીવરાજભાઇ ગાંગજી
,, જીવરાજભાઈ પ્રેમજી ખીમજી
,, જીવરાજભાઈ મહમદ વારસ
,, જીવરાજભાઈ માવજી
,, જીવાભાઈ જસા
,, જુઠાભાઇ જીવરાજ
,, જુમાભાઇ લધાભાઇ મુરજી
,, જુસબભાઇ ઇબ્રાહીમ ભલુ
,, જુસબભાઈ ઈસા કાપડીઆ
, જુસબભાઈ જસરાજ
,, જુસબભાઈ પીરભાઇ વાંદરાવાલા
,, જેઠાભાઇ હાસમની વીધવા બાઈ રતનબાઇ
,, ઝવેરભાઇ ઝીણા ધરમસી
,, ઝવેરભાઈ જીવરાજ
,, ઝીણાભાઇ જીવા
,, તલકસીભાઈ રવજી પુંજા
,, તાજમહમદભાઇ હાસમ મીસ્ત્રી
,, તારમહમદભાઇ કાસમ દેવરાજ
,, તારમહમદભાઇ મહમદ રહીમ
,, દાતુભાઇ મહેરઅલી સુમાર
,, દાવુભાઈ સાજન
,, દાહયાભાઇ નથુ

શેઠ દુલભભાઇ ખીમજી
,, હાજી દેવજીભાઇ જમાલ
,, દેવસીભાઇ પરધાન
,, ધરમસીભાઇ માવજી સામજી
,, ધરમસીભાઇ વીરજી ભુજવાલા
,, ધરવેસભાઈ સાલેમહમદ મેરૂ
,, દાઉદભાઈ મહમદ જશા વેસાવાવાલા
,, દાઉદભાઈ લધા પટેલ
,, ધારસીભાઇ વીરજી
,, દોસ્તમહમદભાઇ પીરભાઈ હાજી
,, નઝરઅલીભાઇ ગીગા મુલાણી
,, નઝરઅલીભાઈ ગુલામહુશેન
,, નઝરઅલીભાઇ જુસબ વરતેજવાલા
,, નઝરઅલીભાઇ રહેમતુલા
,, નઝરઅલીભાઇ હસન મુખી
,, નઝરઅલીભાઇ હાજી લાલજી
,, નઝરઅલીભાઇ શરીફ નાથાણી B.A,L.L.B.
,, નથુભાઈ પરધાન
,, નથુભાઈ પ્રેમજી
,, નથુભાઈ ભોટાભાઈ
,, નાનજીભાઈ આણંદજી
,, નાનજીભાઈ કાલા વીરજી
,, નાનજીભાઈ જાનમહમદ
,, નાનજીભાઈ જુઠા
,, નાનજીભાઈ મહમદ માવજી

શેઠ નાસરભાઈ અબદલા લાલજી
,, નાસરભાઈ હાજી માવજી
,, નુરમહમદભાઇ અલાબક્ષ
,, નુરમહમદભાઇ ખાનમામદ નાથાણી
,, નુંરમહમદભાઇ ઝવેર
,, નુરમહમદભાઇ ઝીણા
,, નુરમહમદભાઈ થાવર કમાલ
,, નુંરમહમદભાઈ ધનજી મહમદ
,, નુંરમહમદભાઈ મનજી દેવરાજ
,, હાજી નુરમહમદભાઈ મેગજી
,, નુરમહમદભાઈ રહેમતલા ગાંગજી
,, નેણુસીભાઇ મુરજી પ્રેમજી
,, પદમસી (પસંદઅલી) ભાઇ કાસમ
,, પદમસીભાઇ જુઠા
,, પરધાનભાઈ અલારખેઆ જાનમહમદ
,, પીરભાઇ ઇબ્રાહીમ કરમશી
,, પીરભાઇ જીવરાજ
,, પીરભાઇ સુમાર દાદાણી
,, પીરભાઈ મહમદ
,, પીરમહમદભાઈ અલારખેઆ રહીમ
,, પેયારઅલીભાઇ અબદુલા ડોસા
,, પ્રેમજીભાઈ ધનજી સુમાર
,, પ્રેમજીભાઈ ધનજી ડોસા
,, ફકીરમહમદભાઈ પીરભાઈ નથુ
,, ફાજલભાઈ અલાદીન ભગત

શેઠ ફાજલભાઈ અલારખીઆ જાનમહમદ
,, ફાજલભાઈ અલુભાઇ મુરાજ
,, ફાજલભાઈ કાસમ નથુ
,, ફાજલભાઇ કાસમ સીવજી
,, હાજી ફાજલભાઇ જાફર સુમાર વીરા
,, ફાજલભાઇ જુમાભાઈ લાલજી
,, ફાજલભાઇ થાવર અલાના
,, ફાજલભાઈ દાદાભાઇ દેવરાજ
,, ફાજલભાઇ બદ્દેઅલી અલારખીઆ
,, ફાજલભાઈ ભોજાભાઈ અલારખીઆ
,, ફાજલભાઇ પીરભાઇ મહમદ
,, ફાજલભાઇ રહેમતુલા
,, ફાજલભાઈ વીસરામ C.I.E.
,, ફાજલભાઈ વીરજી
,, ફાજલભાઈ હાસમ લાડક
,, બચુભાઈ અલીભાઇ નથુ
,, બદ્દેઅલીભાઈ કાશમ હીરજી
,, બદ્દેઅલીભાઇ જાફર લાડક સુમાર
,, બદ્દેઅલીભાઇ દાદા દેવરાજ
,, બદ્દેઅલીભાઈ ભોજાભાઇ અલારખીઆ
,, બદ્દેઅલીભાઇ રામજી
,, બદ્દેઅલીભાઇ સીવજી વીરાણી
,, બદ્દેઅલીભાઇ સોમજી ભારાપુરવાલા
,, બદ્દેઅલીભાઈ હીરજી ખાકુ
,, ભલુભાઇ વલી

શેઠ ભાણજીભાઇ જીવરાજ
,, ભીખાભાઇ નથુ
,, ભીમજીભાઈ અલારખેઆ કાનજી મીસ્ત્રી
,, ભીમજીભાઈ કરીમ
,, ભીમજીભાઈ જીવા
,, ભીમજીભાઈ વીસરામ લાકડાવાલા
,, ભુધરભાઈ નાનજી
,, ભોજાભાઈ અલારખેઆ
,, મનજીભાઈ કાલીદાશ મીઠા
,, મનજીભાઈ ખટાઉ
,, મનજીભાઇ ભીમજી
,, મનજીભાઇ લાલજી વીશરામ
,, મહેરઅલીભાઈ અલારખેઆ માણેક
,, મહેરઅલી કાનજી લાકડાવાલા
,, મહેરઅલીભાઇ જીવરાજ વારસ
,, મહેરઅલીભાઇ હાજી દાઉદ
,, મહેરઅલીભાઇ નઝરઅલી
,, મહેરઅલીભાઇ પરેમજી હીરજી
,, મહેરઅલીભાઇ મનજી દામા
,, મહેરઅલીભાઈ મનજી ધારસી
,, મહેરઅલીભાઈ લાલજી
,, મહેરઅલીભાઈ વેલસી
,, હાજી મહમદભાઈ હાજી અબદુલા મુમણ
,, મહમદભાઇ અબદુલા મુશાણી
,, હાજી મહમદભાઈ અલારખેઆ શીવજી માણેક

શેઠ મહમધભાઈ ઇબરાહીમ ભલુ

,, મહમધભાઇ કરમાલી કાશમ માવજી

,, મહમધભાઈ કરીમ

,, મહમધભાઈ કાશમ મહુવાવાલા

,, મહમધભાઇ કોરજી સીંગડાંવાલા

,, મહમધભાઇ ગીગા જેઠા

,, મહમધભાઇ ગુલામહુશેન મીઠા ભુજવાલા

,, મહમધભાઇ દેવજી

,, મહમધભાઇ ડોસા ભુજવાલા

,, મહમધભાઇ ફકીર મહમદ ભારમલ

,, મહમધભાઇ મનજી

,, મહમધભાઈ મુરાજ મીસ્ત્રી

,, હાજી મહમધભાઇ મુરાજ કપાઈઆવાલા

,, મહમધભાઇ મહેરઅલી વીરાણી

,, મહમધભાઇ લધા રામજી કલકતાવાલા

,, હાજી મહમધભાઇ શરીફ નાનજી

,, મહમધભાઈ સોમજી

,, મહમધભાઈ હીરજી ખીમજી

,, મહમધ અલીભાઈ ઇસમાલ મુરજી થારેઆ

,, મહમદઅલીભાઇ ધરમશી

,, મહમદઅલીભાઇ નાનજી ગુલામહુસેન

,, મહમદઅલીભાઈ સબુરભાઇ

,, મહમદભાઇ કરીમ ગુલામહુસેન કરબલાઇ

,, મહમદ જાફરભાઇ ઇસા કાપડીઆ

,, મહમદહુસેનભાઇ હાજી અબદરહીમ

શેઠ મહમદહુસેનભાઇ મહેરઅલી રહીમ
,, મુખતારભાઈ મહમદ થાવર અલાના વેસાવાવાલા
,, મુખતારભાઇ ફેઝુલા
,, મુરજીભાઇ અલારખેઆ મીસ્ત્રી
,, મુરજીભાઈ નુંરમહમદ જંગબારી
,, મુરજીભાઇ પંજુ મુકાદમ
,, હાજી મુરાજભાઇ ઉકેડા કપાઈઆવાલા
,, મુરાદઅલીભાઈ કાસમ ઈબ્રાહીમ
,, મુસાભાઈ અબદરહેમાન
,, મુસાભાઈ ગુલામહુસેન
,, મુસાભાઇ જાફર મહેરઅલી
,, મુસાભાઇ ધનજી મહમદ
,, મુસાભાઈ મહમદ ધનજી
,, મુસાભાઈ લધા હાસમ અલારખેઆ
,, મેગજીભાઈ નથુ ગીગા
,, મેગજીભાઈ મહમદ સીંગડાવાલા
,, મોતીભાઇ કુંવરજી કરમસી
,, મોતીભાઈ રામજી પુંજા
,, મોલેદીનાભાઇ અલારખેઆ ચીઠીવાલા
,, મોલેદીનાભાઇ રણુમલ મહમદ
,, રજબઅલીભાઇ કરમાલી
,, રજબઅલીભાઇ ગુલામહુસેન
,, રજબઅલીભાઈ પીરભાઇ
,, રજબઅલીભાઈ મનજી અલારખેઆ
,, રજબઅલીભાઇ રહેમતલા ઝીણા

ડા૦ રજબઅલીભાઈ વીસરામ પટેલ L.M.&S.
શેઠ રણુમલભાઇ કલેઆણ રાજપાર
,, રતનશીભાઇ લાલજી
,, રમઝાનઅલીભાઈ જાનમહમધ
,, રમઝાનઅલીભાઈ મેગજી
,, રમઝાનઅલીભાઇ લાલજી સાજન
,, રમઝાનઅલીભાઈ સીધી
,, રહીમભાઈ અલીમહમદ ધારસી
,, રહીમભાઈ ગુલામહુસેન ધનજી
,, રહીમભાઈ ધનજી દેવરાજ
,, રહીમભાઈ હમીર ધારસી
,, રહીમભાઈ હીરજી ચામડાવાલા
,, રહીમભાઈ હીરજીભાઇ અલારખેઆ
,, રાશીદભાઈ અલીદીના મુરીસવાલા
,, રાસીદભાઇ મહમદ ઈબ્રાહીમ
,, રાજનભાઈ ધરમસી માવજી
,, રાજનભાઇ વીરજી દામજી
,, હાજી રહેમતુલાભાઈ હાજી અલારખેઆ
,, રહેમતુલાભાઈ અલારખેઆ રહીમ
,, હાજી રહેમતુલાભાઈ અલીભાઇ
,, હાજી રહેમતુલા હાજી કલેઆણ ગાંગજી
,, રહેમતુલાભાઇ કરીમ દાતુ જરપરાવાલા
,, રહેમતુલાભાઇ ખેરાજ
,, રહેમતુલાભાઇ ગાંગજી લાલજી
,, રહેમતુલાભાઈ ગાંગજી પુંજા

શેઠ રહેમતુલાભાઈ જેઠા
,, રહેમતુલાભાઇ દાતારદીના
,, રહેમતુલાભાઈ દેવસી
,, રહેમતુલાભાઈ મહમદ રહીમ
,, રહેમતુલાભાઇ મહમદ પદમસી
,, રહેમતુલાભાઈ મુરજી થારેચા
,, રહેમતુલાભાઈ રવજી
,, રહેમતુલાભાઈ રાંમજી કલકતાવાલા
,, રહેમતુંલાભાઈ લધા જાનમહમદ આસરાણી
,, રહેમતુલાભાઈ લાલજી
,, રહેમતુલાભાઈ સામજી
,, રહેમતુલાભાઈ સીવજી કરમસી
,, લધાભાઈ જાનમહમદ આસરાણી
,, લધાભાઈ દેવજી રવજી
,, લધાભાઇ નુરમહમદ ગાંગજી
,, લધાભાઈ મનજી રાંમજી કપાઇયાવાલા
,, લધાભાઈ રહીમ
,, લધાભાઇ રામજી ભદરીવાલા
,, લવજીભાઈ કાસમ
,, લવજીભાઇ ડાહયા
,, લાડકભાઇ રહીમ માણેક
,, લાડકભાઇ હાસમ
,, હાજી લાલજીભાઇ માધવજી
,, લાલજીભાઈ મીઠા નાનજી
,, લાલજીભાઇ સાજન

શેઠ વઝીરભાઈ ઝીણા કુરલાવાલા
,, વઝીર અલીભાઇ ધનજી મહુમદ
,, વલીભાઇ જેરાજ જેઠા
,, વલીભાઇ પરધાન
,, વલીભાઇ પરેમજી ધનજી
,, વલાભાઈ માધવજી
,, વલીભાઈ લાલજી
,, વલીમહુમદભાઈ મુસા રહેમતુલા
,, વાલજીભાઇ વલી
,, વીરજીભાઇ દાહયા
,, વીરજીભાઇ વલી રેઆણી
,, વીસરામભાઇ પરેમજી પુંજા
,, સંગજી (સલેમાન)ભાઈ ગોવા
,, સંગજીભાઈ નથુ
,, સચેદીનાભાઈ કલેઆણ મોઝમબીકવાલા
,, સચેદીનાભાઈ હાસમ પીરુ
,, સબુરભાઇ પરેમજી
,, શરીફભાઇ અબદુલા પીરેદીના
,, શરીફભાઇ કાસમ દલાલ
,, શરીફભાઇ દામજી
,, શરીફભાઈ દેવજી કાનજી
,, શરીફભાઇ નથુ જરીવાલા
,, શરીફભાઈ નથુભાઈ મહુમદ
,, શરીફભાઇ મેગજી ગુલામહુસેન
,, શરીફભાઇ સચેદીના ગુલામહુસેન

શેઠ સલેમાનભાઈ ઈબ્રાહીમ
,, સલેમાનભાઇ ગુલામહુસેન
,, સલેમાનભાઈ ધરમસી
,, સલેમાનભાઈ નુરમામદ ચાગલાંણી
,, સલેમાનભાઈ પરધાન ધડીઆલી
,, સલેમાનભાઈ મોટાભાઈ લાલજી
,, સલેમાનભાઈ મનજી ઉકા
,, સલેમાનભાઈ મહમદ લધા
,, સલેમાનભાઈ મેગજી કાના માંગરોલવાલા
,, સલેમાનભાઇ મોલેદીનાભાઈ કાસમ ચતુ
,, સલેમાનભાઈ મોલેદીના શોમજી
,, શાબાનઅલી પીરભાઇ દામજી
,, શામજીભાઈ જીવરાજ લોખંડવાલા
,, શામજીભાઈ ધનજી હાસમ
,, સાલેમહમધભાઈ અલાદીન
,, સાલેમહમધભાઈ નુરમહમદ થારેઆ
,, સાલેમહમધ ધરમસી ભુજવાલા
,, સાલેમહમધભાઇ વલી
,, સાલેમહમધભાઇ હાસમ
,, સીરમહમધભાઈ અબદુલા હાસમ
,, સીવજીભાઇ દાતારદીના માવજી
,, સીરમહમદભાઈ શરીફ
,, સુમારભાઇ અલારખેઆ
,, સુંદરજીભાઇ માવજી
,, હાજી સોમજીભાઇ ડાહયા

શેઠ સોમજીભાઇ વલી ગુલામાણી
,, હબીબભાઈ કાસમ ભાણજી
,, હબીબભાઈ ભલુ વલી
,, હબીબભાઇ રતનશી કમાલ
,, હરજીભાઈ ખીમજી વાલજી
,, હરજીભાઇ જમાલ
,, હરજીભાઇ દાતુ રૂઉવાલા
,, હસનભાઇ ગુલામહુસેન મસકતી
,, હસનભાઈ ચીકા થાવર
,, હસનભાઇ મહમદ વરતેજવાલા
,, હસનઅલીભાઇ આહમદ જમાલ
,, હસનઅલીભાઈ જમાલ
,, હસનઅલીભાઇ નઝરઅલી
,, હસનઅલીભાઈ નાનજી
,, હસનઅલીભાઈ નુરમહમદ જેઠા
,, હસનઅલીભાઈ મહમદ સોમજી
,, હસનઅલીભાઈ મેઘજી
,, હસનઅલીભાઇ પસંદઅલી
,, હાજી હાજીભાઈ દાદા ચતુ
,, હાજીભાઈ નેણસી એદનવાલા
,, હાજીભાઇ ફકીર મહમદ પીરભાઈ નથુ
,, હાજીભાઇ મહમદ ઇબ્રાહીમ
,, હાજીભાઈ લાલજી સાજન
,, હાજીભાઇ લાલજી સુમાર J.P.
,, હાજીભાઈ વીસરામ J.P.

શેઠ હાજીભાઈ સલેમાન ખાકી ટોપીવાલા
,, હાસમભાઈ કલ્લેઆણુ મોઝમબીકવાલા
,, હાસમભાઇ ધારસી માણેક
,, હાસમભ:ઇ દોસ્તમહમદ
,, હાસમભાઈ મહુમદ
,, હાસમભાઈ રાજન
,, હાસમભાઈ રહેમતુલા ખેરાજ
,, હાસમભાઈ લાડક હાસમ
,, હાસમભાઈ વીસરામ ઈબ્રાહીમ J.P.
,, હાસમભાઇ વીસરામ લાકડાવાલા
,, હાસમભાઈ સલેમાન મીઠા
,, હાસમભાઈ સીવજી કરમસી
,, હાસમભાઇ હીરજી ખીમજી
,, હીરજીભાઈ અલારખેઆ
,, હીરજીભાઇ ધરમસી
,, હીરજીભાઇ સામજી

ઉપર લખેલાં નામો સીવાએ કેટલાંક નામો મજકુર બુકમાં દાખલ કરવા માટે હમણા સુધી મંનજુરીઆત મલી નથી તેથી દાખલ કરવામાં આવ્યાં નથી.

